# સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં ડોલરરાય માંકડનું પ્રદાન

**ચૌહાણ રમેશ એમ., સરકારી વિનયન કોલેજ-તળાજા**

**પૂર્વ ભૂમિકા :**

ભારતીય પ્રાચ્યવિદ્યા અને ગુજરાતી સાહિત્યના વિવેચક અને કેળવણીકાર ડોલરરાય માંકડનો જન્મ વડનગરા નાગર જ્ઞાતિમાં ૨૩મી જાન્યુઆરી ૧૯૦૨ના રોજ કચ્છના વાગડ તાલુકાના જંગી ગામમાં થયો હતો. ડોલરાય માંકડએ પ્રાથમિક શિક્ષણ જોડિયા અને માધ્યમિક શિક્ષણ રાજકોટમાં અને ઉચ્ચશિક્ષણ જૂનાગઢ ત્યારબાદ કરાંચીમાં પૂર્ણ કર્યું હતું. ડોલરરાય માંકડના મોટા ભાઈ હરીલાલ માંકડએ સૌરાષ્ટ્રના પુરાતત્વ ,ઈતિહાસ અને સૌરાષ્ટ્રની વિભિન્ન કોમોની સંસ્કૃતિનો ઉડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. સૌરાષ્ટ્રના પુરાતત્વ વિભાગના નિયામક તરીકે પણ ફરજ બજાવી હતી.તેમની લેખન પ્રવૃતિની અસર ડોલરરાય માંકડ પર પડી હતી. અભ્યાસપૂર્ણ કર્યા બાદ ડોલરરાય માંકડ ૧૯૨૨થી ૧૯૨૫ સુધી ભારત સરસ્વતી મંદિર, કરાંચીમાં શિક્ષક તરીકે અને ૧૯૨૭ થી ૧૯૪૭ સુધી શ્રી ડી.જે.સિંધ કોલેજ -કરાંચીમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી હતી.આ સમયે તેઓ સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના વિવેચનકાર તરીકે જાણીતા બન્યા હતા.

તેઓએ ઈ.સ.૧૯૫૨માં જામનગરના અલીયાબાડા ગામમાં ગંગાજળા વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.ઈ.સ.૧૯૬૬માં તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પ્રથમ કુલપતી નિમાયા હતા. આમ ૧૯૫૨ પછી તેમનું કાર્યક્ષેત્ર સૌરાષ્ટ્ર બનાતા તેઓ સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ લેખન તરફ વળ્યા હતા.

તેઓ પ્રાચીન ભારતીય અનુશ્રુતિ અને સમયાનુક્રમના અભ્યાસી હોવાના કારણે સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં તેઓ આ બાબાત પર વિશેષ ભાર મુકયો હતો. સૌરાષ્ટ્રના ઇતિહાસના વર્ણઉકેલ્યા પાસાઓને ઉકેલવા અને સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ જાણવા માટે જ્યાં આધારભૂત સામગ્રી મળતી નથી, ત્યાં તેઓ પાળીયાઓ,લોકસાહિત્ય,મોખિક પરંપરાઓ,ચારણી સાહિત્ય કે બારોટના ચોપડાનો આધાર લેવાના આગ્રહી હતા. ૨૫ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ પોતાને મળેલા રણજીતરામ સુવર્ણ ચંદ્રકના પ્રસંગે આપેલા વ્યાખ્યાનમાં તેઓએ આ બાબત પર ભાર મુક્તા જણાવ્યું હતું કે "કોઈ પણ અનુશ્રુતિ સાવ કપોળકલ્પિત છે એ વાત, પ્રજામાનસની મૂળભૂત સમજણનો અભાવ જ સૂચવે છે . એમ દર્શાવીને કબુલ્યું હતું કે, 'હા , એવી કોઈ ગૂંચો અનુશ્રુતિમાં આવી

ગઈ હોય તો એ ગૂંચોને ઉકેલવાની અને એ અસત્ય વાતો શાથી એમાં આવી ગઈ, સમજવાની દરેક અભ્યાસકની ફરજ છે."૧

- **સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં ડોલરરાય માંકડનું પ્રદાન :-**

  - **ગ્રંથો :-**

સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં 'જામનગરનો ઈતિહાસ' (૧૯૭૨)૨ તેમનો આગવો ગ્રંથ ગણાવી શકાય. આ ગ્રંથ પાંચ વિભાગમાં વિભાજીત છે . જેમાં જામનગરનો ઈતિહાસ , જામનગરના જાણીતા વ્યક્તિઓના જીવનચરિત્રો, મંદિરો, જુના ઉદ્યોગો અને શિલાલેખો સમાવેશ થાય છે.

ડોલરાય માંકડએ આ ગ્રંથ દ્વારા જામનગરના ઈતિહાસ વિશે જે ગ્રંથોમાં માહિતી મળતી હતી તે અપૂર્ણ,શંકાશીલ કે મતમતાંતર ભરેલી હતી.તેથી આવી અપૂર્ણ રહેલી માહિતીને પૂર્ણ કરવા કે શંકાશીલ માહિતીની સત્યતાની ચકાસણી કરવા સાહિત્યિક ગ્રંથો, ઐતિહાસિક સ્થળો અને વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લઇ આ ગ્રંથના પ્રથમ ભાગમાં જામનગરની સ્થાપના ક્યારે થઇ અને તેનું મુળનામ અને તેમાં આવેલા પરિવર્તનો તથા જામનગરના વિવિધ રાજવીઓના સમયમાં બંધાયેલ મંદિરો, મહેલો, તળાવો, રસ્તાઓ, વગેરે બાબતોની ઐતિહાસિક પરિપેક્ષ્યમાં માહિતી આપી છે. અંતે જામનગરના રાજા જામરાવલથી દિગ્વિજયસિંહજી સુધીની સાલવારી પ્રમાણે વંશાવલી આપી છે. બીજા વિભાગમાં જામનગરના વિવિધ ક્ષેત્રમાં જાણીતા મહાત્મા ઝંડુ ભટ્ટજી, સંગીતાચાર્ય આદિત્યરામજી,કેશવરામ શાસ્ત્રી વગેરેની રૂબરૂ મુલાકાત લઇ તેમના સમગ્ર જીવન વિશેની માહિતી આલેખી છે. ત્રીજા વિભાગમાં જામનગરના ધાર્મિક સ્થળોની રૂબરૂ મુલાકાત લઇ દરેક ધાર્મિક સ્થળ વિશે ઐતિહાસિક માહિતી આપી છે. ચોથા વિભાગમાં જામનગરના ઓળખસમાં જુના ઉદ્યોગો વિશે રૂબરૂ મુલાકાત લઇ તેમના વિશે વિગતે માહિતી આપી છે.

આ ગ્રંથની વિશેષતાએ છે કે જામનગરની કેટલીક બાબતો વિશે દસ્તાવેજો કે લેખિતમાં માહિતી મળતી નથી ત્યાં રૂબરૂ મુલાકાત લઇ જામનગરની દરેક બાબતોને આવરી લઇ ઈતિહાસ લખવાનો પ્રયાસ કર્યો છે. પોતાની આગવી શૈલીમાં જામનગરનો ઈતિહાસ લખવા માટે આધાર સમાન ગ્રંથો,મંદિરોના શિલાલેખ,પાળિયાઓના શિલાલેખો વગેરેની યાદી આપીને તેમાં રહેલી ઐતિહાસિક માહિતીને સાર અને મૂળ સ્વરૂપે મૂકી છે.તથા પોતે ફોટા પાડીને એકત્ર કરેલા જામનગરના કેટલાક દસ્તાવેજોને મૂળ સ્વરૂપે આ ગ્રંથમાં છાપવામાં આવ્યા છે. જેથી કરીને આ દસ્તાવેજોનો નાશ થાય તો પણ સંશોધકોને સરળતાથી મૂળ સ્વરૂપે

દસ્તાવેજો પ્રાપ્ત થઇ શકે.

કૌટુંબીક પરંપરાની દ્રષ્ટિએ અને વ્યક્તિગત કુટુંબના ઇતિહાસના અભ્યાસને નમુનાની દ્રષ્ટિએ "આપણ કુટુંબનો ઈતિહાસ "૩નામની પુસ્તિકામાં પોતાના કુટુંબ વિવિધ દસ્તાવેજોના આધારે કુટુંબની વંશાવળી કે ઇતિહાસની નોંધો કેવી રીતે કરવી અથવા તો કુટુંબનું વૃક્ષ કેવી રીતે બનાવવું એ આ પુસ્તિકા દ્વારા પોતાની મૌલિક પદ્ધતિ બતાવી અપાયું હતું.

- **લેખો :-**

'જામવિજય કાવ્ય'૪ નામના લેખમાં જામનગરના ઈતિહાસ વિશેની ઐતિહાસિક બાબતોને તારવી છે.તેઓએ જામવિજય કાવ્યના અંશોને મૂળ રૂપે મુકીને તેમાં આવતા ઉલ્લેખોને અન્ય સમકાલીન સાધનો સાથે તુલના કરીને જામવિજય કાવ્યના કર્તાનો સમય,ભૂચરમોરીના યુદ્ધનો સમાંયકન ,જામ લાખાજી,જામ રાવળ,વિભાજી પહેલો,શત્રુશલ્ય વગેરેના શાસન દરમ્યાનની ઘટના અને આ કાવ્યમાં આવતી અન્ય ઐતિહાસિક બાબતોને તારવી છે.આ લેખના અંતે જામવિજય કાવ્ય,તારીખ-ઈ-સોરઠ,વિભાવિલાસ,યદુવંશ પ્રકાશ અને ગોંડલ રાજ્યનો ઈતિહાસમાં અલગ-અલગ સ્વરૂપે રહેલી જામરાવળની વંશાવળીને તેઓએ અહી તુલનાત્મક કોષ્ટકરૂપે આપેલી છે.નવાનગરનો ઈતિહાસ લખવા માટે આ 'જામવિજય કાવ્ય' કેટલા અંશે ઉપયોગી છે,તે આ લેખ દ્વારા બતાવી આપ્યું છે.

'સુરાષ્ટ્ર અને આનર્ત(પ્રાચીનતમ ઇતિહાસમાં)'૫ લેખમાં તેમણે સૌરાષ્ટ્રના બે પ્રાચીન રાજવંશ સુરાષ્ટ્રના હર્યશ્વ(હરિવંશ) અને આનર્તના આનર્તવંશ વિશે વિવિધ પુરાણોમાં આવતા ઉલ્લેખોના આધારે આ બન્ને રાજવંશોનો ઉદભવ,તેમના રાજ્યનો ભોગોલીક વિસ્તાર,રાજધાની અને રાજાઓની વંશાવળી અને આ બન્ને પ્રદેશો એક રાજવંશ હેઠળ ક્યારે આવ્યા તેનું વિગતવાર આલેખન કર્યું છે.તેઓએ આ બન્ને પ્રદેશને અલગ અલગ રાજવંશના તાંબામાં ગણાવીને ગિરિનગરને સુરાષ્ટ્રની અને કુશસ્થલીને આનર્તની રાજધાની ગણાવે છે. આમ તેઓ આનર્ત સુરાષ્ટ્રથી જુદો એટલે કુશસ્થલી સુરાષ્ટ્રના બહારના પ્રદેશમાં હતી.આનર્તની રાજધાની કુશસ્થલીની જગ્યાએ દ્વારકા વસ્યું હતું,એટલે સ્પષ્ટ છે કે તે સુરાષ્ટ્રમાં નથી.સુરાષ્ટ્ર બહારનું આજનું દ્વારકા જ કૃષ્ણનં દ્વારકા છે.એવો મત રાખે છે.તેઓ પુરાણોના ઊંડા અભ્યાસી હોવાના નાતે આ લેખના અંતે બન્ને રાજવંશોની સમયાનુંક્રમ અને વંશાવળી આપી છે.આ લેખમાં જ્યાં આધાર નથી મળતો ત્યાં તર્ક અને કલ્પનાઓનો વધારે સહારો લે છે.

'ચારણ કવિરાજ ઈસરદાનજીનું મૃત્યુ વર્ષ'નાડ લેખમાં જામનગરના રાજવી જામરાવળના બારોટ ઈસરદાનજીના મુત્યુના સમયઅંગે જે વિવાદ ચાલતો હતો તેનો ઉકેલ લાવવા માટે એક પધ્ધતી શોધી કાઢી હતી.

ઈસરદાનજીના મુત્યુ પછી તેમના પત્ની સાંનબાઈ તેમના મુત્યુના સમાચાર સાંભળીને સતી થયા હતા.તેનો પાળિયો મોરબીના વીરવદરકા ગામ પાસે આવેલો હતો.ડોલરરાયએ આ પાળીયાના સ્થળે રૂબરૂ મુલાકાત લઇ પાળિયામાં રહેલા લખાણોની પાઠશુદ્ધિ કરી તેમાં રહેલા લખાણના આધારે તેઓ એ તારણ પર આવ્યા કે ઈસરદાનજી સ.૧૬૨૨ ચૈત્ર સુદ તેરસના દિવસે મુત્યુ પામ્યા હતા.તેના મુત્યુના સમાચાર જયારે વીરવદરકા પહોચયા ત્યારે સ.૧૬૨૨ ચૈત્ર સુદ તેરસના દિવસે સાંનબાઈ સતી થયા હતા,એમ બતાવી આપ્યું. તેમનો આ લેખ પોતે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલપતિ પદે વ્યસ્ત હોવા છતાં સ્થાનિક ઇતિહાસના નાનામાં-નાના પ્રશ્નોનું નિરાકરણ માટે તેમણે કેટલી ઉત્સુકતા કે ખેવના હતી.તે આ પરથી ખ્યાલ આવે છે.

ઈ.સ.૧૯૭૦ના ગુજરાત ઈતિહાસ પરિષદના પાંચમાં અધિવેનશના પોતાના ઉદઘાટક પ્રવચનમાં તેમણે સૌરાષ્ટ્રના ઇતિહાસના કેટલાક વણઉકેલ્યા પ્રશ્નો તરફ ધ્યાન દોર્યું હતું અને સાથે બેસીને તેનો ઉકેલ શોધવાનો અનુરોધ કર્યો હતો.આ અધિવેશનમાં બીજા દિવસે તેઓએ ‘સૌરાષ્ટ્રના ઈતિહાસ સંશોધનમાં બારોટોના ચોપડાનું મુલ્ય’૭ વિષય પર નિબંધ રજુ કરી બારોટોના ચોપડાનું ઐતિહાસિક મુલ્ય,વંશાવળી નક્કી કરવામાં તેમનું મહત્વ અને બારોટના ચોપાડમાંની સામગ્રીનું ઈતિહાસ સંશોધનમાં કેવી રીતે વિનિયોગ કરી શકાય તે વિશે વિગતે સંશોધકોને બતાવી આપ્યું હતું.આ અધિવેશન પછી ઈ.સ.૧૯૭૦-૭૨ સુધી આગામી બે વર્ષ માટે ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ તરીકે એમની વરણી કરવામાં આવી હતી.પરંતુ આ પરિષદને તેમનું માર્ગદર્શન તથા પ્રમુખ તરીકેના વ્યાખ્યાનો લાભ મળે તે પહેલા તેઓ અવસાન પામ્યા હતા.

- **સૌરાષ્ટ્રના સર્વગ્રાહી ઈતિહાસ લેખનની યોજના** :-

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલપતિના કાર્યકાળ દરમ્યાન ઇતિહાસના સંશોધનના ક્ષેત્રે ડોલરરાય માંકડનું સૌથી અગત્યનું કાર્ય સૌરાષ્ટ્રના ઇતિહાસની સર્વગ્રાહી લેખનની યોજના હતી. શ્રી.ભો.જે.વિદ્યાભવન-અમદાવાદ દ્વારા ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ તૈયાર કરવા જે સલાહકાર સમિતિની નિમણુક કરવાના આવી હતી.તેના સભ્ય હતા.તેથી તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા સૌરાષ્ટ્રના ઈતિહાસ માટે આવી ગ્રંથમાળા તૈયાર કરાવી તેને પ્રકાશિત કરવાની યોજના તૈયાર કરી હતી.સૌરાષ્ટ્રના દફતરો,વહીવંચાઓ અને ચારણોનું સાહિત્ય અને ઠેકઠેકાણે રહેલા પાળિયાઓ પરના લખાણોની સામગ્રીનું અન્વેષણ,અધ્યન અને સંશોધન થાય તો સૌરાષ્ટ્રના ઇતિહાસના વર્ણઉકેલ્યા કેટલાય પ્રશ્નોનું નિરાકરણ આવે તેમ તેઓ માનતા હતા.તેમની ઈચ્છા પ્રાચીન સમયથી ઈ.સ.૧૯૪૭ સુધીના સૌરાષ્ટ્રના ઈતિહાસ લેખનની હતી.સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલપતિ તરીકે સૌરાષ્ટ્રના ઈતિહાસ લેખનની રૂપરેખા તૈયાર કરવા અને માર્ગદર્શન મેળવવા માટે પોતાના અધ્યક્ષ પદે એક સમિતિની નિમણુક કરી હતી.આ સમિતિએ સૌરાષ્ટ્રના ઈતિહાસને દસ ગ્રંથોમાં વહેચવાનું નક્કી કરવામાં આવ્યું હતું.પહેલો ગ્રંથ પ્રાગઐતિહાસિક સમયથી વલભી રાજ્યના અંત સુધી,બીજા ગ્રંથમાં વલભી રાજ્યના અંતથી ઈ.સ.૧૩૦૦

સુધી,ત્રીજા ગ્રંથમાં ઈ.સ.૧૩૦૦થી ૧૫૫૦ સુધી,ચોથા અને પાંચમાં ગ્રંથમાં ઈ.સ.૧૫૦૫થી ૧૮૦૮ સુધી,છઠ્ઠા ગ્રંથમાં ઈ.સ.૧૮૦૮થી ૧૯૧૮ સુધી,સાતમાં ગ્રંથમાં ઈ.સ.૧૯૧૮થી ૧૯૪૮ સુધી,આઠમાં ગ્રંથમાં સૌરાષ્ટ્રની જાતિઓ,નવમાં ગ્રંથમાં લોકસંસ્કૃતિ,રીતરિવાજો,નૃત્ય,નાટ્ય,ચિત્રકલા વગેરે અને દસમાં ગ્રંથમાં વાણીજય વહાણવટાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.૮ ડોલરરાય માંકડે આ યોજના માટે ગુજરાત સરકાર,ભારત સરકાર અને યુ.જી.સી.પાસે અનુદાનની માંગણી કરી હતી.પરંતુ આ અંગે કોઈ સફળતા મળી ન હતી.તેમને સૌરાષ્ટ્રના ભૂતપૂર્વ રાજવીઓને પણ પત્ર પાઠવી આર્થિક સહાય અને જરૂરી ઐતિહાસિક માહિતી આપવા અપીલ કરી હતી.પરંતુ એમની આ આશા પણ સફળ થઈ ન હતી.તેમ છતાં ડોલરરાય માંકડ અને આ સમિતિના સભ્યોએ સૌરાષ્ટ્રના ઇતિહાસની યોજનાનું પ્રથમ મધ્યકાલીન સમયથી લેખન કાર્ય શરુ કરવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં જેઠવા,ઝાલા,કાઠી,ચુડાસમા,ગોહિલ,બાબી અને પરમાર જેવા અગ્રગણ્ય રાજકુળોનીવંશાવળી અને સમયાનુંક્રમ તૈયાર થઇ જાય,તે પછી તેની ભૂમિકાને આધારે સૌરાષ્ટ્રનો સવિસ્તાર રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ રચવો,એવી ડોલરરાયની યોજના હતી. આ વંશાવળી તૈયાર કરવા માટે ડોલરરાય માંકડે પહેલા એક પ્રશ્નાવલી બનાવી હતી જેમાં રાજકુળની ઉત્પતી,મૂળ શાસન પ્રદેશ,સૌરાષ્ટ્રમાં સ્થળાંતર,રાજ્યવિસ્તાર,રાજકુળના પરાક્રમી કે વીર પુરુષ કે સંતોની માહિતી,રાજકુળના વિસ્તારોનું વિભાજન અને હાલમાં તેનું સ્થાન,રાજકુળના નજીકના પૂર્વજોની માહિતી, રાજકુળના લગ્નસંબંધો, રાજકુળના સંબંધમાં લખાયેલા પુસ્તકો,નોંધો,વંશવૃક્ષો,રાજચિહ્નો,લેખો,સિક્કાઓ,પ્રતીકો વગેરે માહિતી આપવાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.૯ ત્યારબાદ આ રાજવંશોની વંશાવળી તૈયાર કરવા માટે વિવિધ અધ્યાપકોને કાર્ય સોપવામાં આવ્યું.

પ્રસ્તુત રાજવંશો વિશે એકત્ર થયેલી માહિતીના આધારે ડોલરરાયએ જેઠવા,ઝાલા,ચુડાસમા,વાળા,પરમાર અને કાઠી રાજકુળોની વંશાવળી અને સમાંયાનુંક્રમ નક્કી કરી તેનું ટાંચણરૂપે પ્રસિદ્ધ કર્યું હતું.૧૦ આ ટાંચણ ભવિષ્યના સંશોધન માટે ગરજ સારે તેવું છે.આમ ડોલરરાય માંકડે કુલપતિ પદે રહી સૌરાષ્ટ્રના ઇતિહાસના સંશોધનમાં વ્યકતિગત રસ લઇને સૌરાષ્ટના ઈતિહાસ માટે સર્વગ્રાહી યોજના તૈયાર કરવી હતી અને સંશોધનો માટે દિશા નિર્દશન કર્યા હતા. ભાગ્યે જ કોઈ યુનિવર્સીટીના કુલપતિ ડોલરરાય માંકડ જેવા હશે કે જેને યુનિવર્સીટી દ્વારા પોતાના પ્રદેશની લોકસંસ્કૃતિ અને ઈતિહાસને ઉજાગર કરવાના અથાગ પ્રયત્નો કર્યા હોઈ. સતત નાદુરસ્ત તબિયત રહેતી હોવાને કારણે તેઓ કુલપતિની જવાબદારીમાંથી મુક્ત બની સૌરાષ્ટના ઈતિહાસ લખાવાની તેમની પ્રબળ ઈચ્છા હતી. આ કાર્ય પૂર્ણ થાય તે પેહલા તેઓ અવસાન પામ્યા હતા.આ અંગે મનુભાઈ પંચોળી નોધે છે કે " ડોલરભાઈના અવસાન પહેલા પાંચ-સાત દિવસે તેમને મળવાનું થયું ત્યારે તેઓ કેહતા હતા કે જે કોઈ નવા કુલપતિ નીમાય તેને હું વિનંતી કરવાનો છુ કે સૌરાષ્ટ્રના ઇતિહાસનું જે કામ મેં યુનિવર્સીટી પાસે શરૂ કરાવ્યું છે તેમને પુરું કરવાની તક આપે".૧૧ આ

વિધાન ડોલરરાય માંકડની સૌરાષ્ટ્રના ઇતિહાસના સંશોધન પત્યેની નિષ્ઠા અને નમ્રતાનું સૂચક છે.

આમ સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં ડોલરરાય માંકડે લખેલા ગ્રંથો કે લેખો તથા સૌરાષ્ટ્ર સર્વગ્રાહી ઈતિહાસ લેખનની યોજના એ તેમની મૌલિકતાનું પ્રતિક છે.સૌરાષ્ટ્રના ઇતિહાસની સામગ્રીનો કેવી રીતે ઉપયોગ થઇ શકે તેની આગવી દ્રષ્ટી તેમની પાસે હતી.

**પાદટીપ –**

૧.ગુજરાતી સાહિત્ય સભાની કાર્યવાહી –૧૯૪૬-૪૭,વિભાગ-૩,પૃ.૪૯.

૨.ડોલરરાય માંકડ,જામનગરનો ઈતિહાસ,અલીયાબાડા,૧૯૭૨.

૩.ડોલરરાય માંકડ, આપણ કુટુંબનો ઈતિહાસ,અલીયાબાડા,૧૯૭૦.

૪.ડોલરરાય માંકડ, ‘જામવિજય કાવ્ય’,સ્વાધ્યાય,સપ્ટેમ્બર-૧૯૬૬,પૃ.૩૯૫-૪૦૮.

૫.ડોલરરાય માંકડ, ‘સુરાષ્ટ્ર અને આનર્ત(પ્રાચીનતમ ઇતિહાસમાં)’સ્વાધ્યાય,એપ્રિલ-૧૯૬૯,પૃ.૨૯૬-૩૦૭.

૬.ડોલરાય માંકડ , ‘ચારણ કવિરાજ ઈસરદાનજીનું મૃત્યુ વર્ષ’,ઊર્મિનવરચના,(૧)ફેબ્રુઆરી-૧૯૭૦,પૃ.૬૮૭.
(૨) નવેમ્બર-૧૯૭૦,પૃ.૫૪૬-૪૭.

૭.ચીનુભાઈ નાયક,ગુજરાત ઈતિહાસ પરિષદનું પાંચમું અધિવેશન,બુદ્ધિપ્રકાશ,માર્ચ-૧૯૭૦,પૃ.૭૮-૭૯.

૮.ગૌરીભાઈ ભટ્ટ,મંગલયાત્રા(શ્રી ડોલરભાઈ સ્મૃતિ ગ્રંથ),અલીયાબાડા,૧૯૭૧,પૃ.૧૪૦-૧૪૧.

૯.મેતર અબ્દુલકાદરભાઈ ‘ડોલરરાય માંકડનું શૈક્ષણિક,સાહિત્યિક અને સૌરાષ્ટ્રના ઐતિહાસિક ક્ષેત્રમાં પ્રદાન’ ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક.જાન્યુઆરી-જૂન,૨૦૧૧,પૃ.૧૩૪-૧૪૩.

૧૦.ડોલરરાય માંકડ,સ્વપ્નો પૂરા કે અધૂરા ?,રાજકોટ,૧૯૭૦,પૃ.૧૪૧-૧૫૫.

૧૧.મનુભાઈ પંચોળી,‘દિવગંત ડોલરભાઈ’,કોડિયું,ઓકટોબર-૧૯૭૦,પૃ.૪૯.

**Author: ચૌહાણ રમેશ એમ. , મદદનીશ પ્રાધ્યાપક(ઇતિહાસ) સરકારી વિનયન કોલેજ-તળાજા**